| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૬/૧૧/૨૦૨૫ | | |
| નોંધણી તારીખ | ૨૬/૧૧/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૨૯/૦૪/૨૦૨૬ | | |
| વ્યતિત સમય | વર્ષ | માસ | દિવસ |
| | | | |

==========================================

**મે. ત્રીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, સુરેન્દ્રનગર.**

==========================================

**હીન્દુ મેરેજ પીટીશન નં. ૧૦/૨૦૨૫**

**આંક:**

૧.) શીતલબેન જયમીનભાઈ ઠાકર તે
D/O. પુરશોતમભાઈ રામકૃષ્ણભાઈ પંધરે
C/O. જીતેનભાઈ પી. ઉપાધ્યાય
શીવરંજની સોસાયટી, ધોધાબાપાના મંદિર સામે,
મુ. ચોટીલા , તા.ચોટીલા, જી.સુરેન્દ્રનગર. ..........**અરજદાર**

**વિરુદધ**

૧.) જયમીનભાઈ મનહરલાલ ઠાકર
મુ.દલડી , તા. વિછીયા,
જી. રાજકોટ
હાલ સબજેલ સુરેન્દ્રનગર. ......... **સામાવાળા**

**<u>દાવો : હીન્દુ મેરેજ એકટની કલમ: ૧૩ મુજબ છુટાછેડા મેળવવા બાબતે</u>**

અરજદારના વિ.વ.શ્રી એચ.વી.મહેતા
સામાવાળાના તર્ફે વિવ.શ્રી. એચ.વી.મહેતા

**-::JUDGEMENT ::-**

**૧.) પ્રસ્તાવના :**

આ કામના અરજદારે સામાવાળા વિરુધ્ધ હાલનો દાવો કરીને લગન વિચ્છેદ, માટેનો દાવો કરી તે સંબંધેની દાદ કરેલ છે.

અરજદારે પોતાની દાવા અરજીમાં નીચે મુજબની સામાાવાળાનાઓ વિરુધ્ધ દાદની માંગણી કરેલ છે.

(અ) અમો અરજદારની હાલની અરજી મંજુર કરી અમો અરજદારના સદરહું અરજ મંજુર કરી અમો અરજદાર સામાવાળા જોડે તા. ૦૩/૦૯/૨૦૧૨ નારોજ પક્ષકારોએ કરેલ જ્ઞાતિના રીવાજ મુજબના લગન વિચ્છેસ કરી લગન જીવનનો અંત આવેલ હોવાનો હુકમ કરવા તથા તે મુજબનું હુકમનામુ કરી આપવા ન્યાયના હીતમાં હુકમ ફરમાવશોજી.

(બ) હાલની આ અરજ એકંદરે હકિકત ધ્યાનમાં લેતા જે બીજી અને વધારેની દાદ આપવાની મુનાસીબ લાગે તે દાદ આપશોજી.

**૨.) કેસની હકિકત:**

૨.૧) પક્ષકારો હિન્દુ જ્ઞાતિના છીએ અને પક્ષકારોના લગ્ન સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા મુકામે આજ થી તા.૦૩/૦૯/૨૦૧૨ ના રોજ હિન્દુ શાસ્ત્રોકત વિધી અને જ્ઞાતિના રીવાજ પ્રમાણે ચોટીલા મુકામે થયેલ છે અરજદાર હાલ સામાવાળા તરફવાળાથી ગર્ભવતી નથી.

૨.૨) પક્ષકારો લગ્ન જીવન નીભાવી શકીએ તેમ નથી. જેથી પરસ્પરની રાજીખુશી, સમજુતી અને સંમતિથી લગ્નજીવનનો આ લખાણથી કાયમી અંત લાવીએ છીએ યાને કે ડાયવોર્સ લઈએ છીએ.

૨.૩) ઉપરોકત લગ્ન થયા બાદ પક્ષકારોને શરૂઆતના સમયમાં સાથે રહેવાનું બનતા એકબીજાના સ્વભાવનો પરીચય થતા જાણવા મળેલ કે બન્ને પક્ષકારોના સ્વભાવ, સંસ્કાર, રહેણીકરણી તથા વિચારો એકબીજાથી સંપુર્ણપણે વિરોધાભાસી હતા અને

તેમા કોઈ સમાધાન શક્ય ન હતુ આમ અરજદારો વચ્ચે મતભેદ ઉભા થતાં તેઓનો સહવાસ કલેષમય થઈ ગયેલ અને તેઓ સાથે રહી શકીએ તેવી કોઈ શકયતા નથી. પક્ષકારોને સાથે રહેવું અશક્ય થતાં તે કારણે છેલ્લા એકાદ દોઢ વર્ષ ઉપરાંતથી પક્ષકારો એકબીજાથી જુદા રહીએ છીએ અને પતિ–પત્નિ તરીકે સહજીવન ગુજારેલ નથી.

૨.૪) બન્ને સુખેથી રહી શકીએ તેમ ન હતા અને નથી. સહજીવન કકલેપમય બનેલ હતુ અને ભવિષયમાં બન્ને પતિ–પત્ની તરીકે સાથે રહી શકીએ તેમ નથી કે સાથે રહેવાની ઈચ્છા પણ નથી.

૨.૫) એક તરફવાળાએ બીજી તરફવાળા સાથેના લગ્ન જીવન બાદના લગ્ન જીવનથી કાઈ સંતાનને જન્મ આપેલ નથી પરંતુ અરજદારના અગાઉના લગ્ન થી થયેલ સંતાન પુત્ર – પ્રેમ છે જેને સામાવાળાએ પુત્ર તરીકે સ્વીકારેલ છે જેનુ નામ પ્રેમ જયમીનભાઈ ઠાકર છે અને તે હાલ અરજદાર એટલે કે શીતલબેન પાસે છે. અને તેને રાખવાની જવાબદારી અરજદાર શીતલબેને સ્વીકારેલી છે. જેથી આજ પછી પ્રેમની ખોરાકી પોષાકી તથા લાલન પાલનની તમામ પ્રકારની કાયમી જવાબદારી અરજદારે સ્વીકારેલ છે અને સામાવાળાને તેની તમામ જવાબદારી માંથી મુકત કરેલ છે અને સામાવાળાએ તેમની પુત્ર તરફના તમામ હકક દાવા જતા કરેલ છે. તેમજ સામાવાળાએ ભવિષ્યમાં અરજદાર સામે પુત્ર પ્રેમ નો કબજો પરત મેળવવા માટેની માંગણી કરવાની રહેશે નહી અને તે અંગે કોઈ કાર્યવાહી કરશે નહી.

૨.૬) બન્નેએ ઉપરોકત કારણોસર પરસ્પરની સંમતિથી લગ્ન વિચ્છેદ લેવાનુ નકકી કરેલ છે. લગ્ન જીવન ટકી રહે તે માટે કુટુંબીજનો, સગાવહાલા વિગેરેના તમામ પ્રયત્નો નિષ્ફળ નિવડયા છે અને હવે એક–બીજાથી જુદા થઈએ તેમાં જ બન્નેનુ શ્રેય છે અને રાજીખુશીથી બન્ને એકબીજાથી મુકત થઈ અને ઠીક લાગે તેવો માર્ગ ભવિષ્યનો લઈ શકીએ તે માટે હિન્દુ મેરેજ એકટની કલમ–૧૩ મુજબની અરજી રજુ કરેલ છે.

૨.૭) અરજદારે ભરણ પોષણ હક, સ્વેચ્છાએ કાયમી જતો કરેલ છે. જેથી ભવિષ્યમાં અરજદારના સામાવાળા પાસેથી કોઈ ખાધા–ખોરાકીના કે તેને લગતા કોઈ કેસ કે અરજીઓ સામાવાળા સામે કરવાની નથી.

૨.૮) બન્ને અરજદારો છેલ્લા આશરે દોઢ વર્ષ ઉપરાંતથી એકબીજાથી અલગ રહીએ છીએ

અને સાથે રહી શકીએ તેવી કોઈ શક્યતા નથી. તેથી અમો બન્ને એ એકબીજાની મુકત સંમતિથી લગ્ન વિચ્છેદ લેવાનુ નકકી કરીએ છીએ.

૨.૯) પક્ષકારો એકબીજાની ચીજવસ્તુ મળી ગયેલ છે અને એકબીજા પાસે ચીજવસ્તુ દાગીના કે કરીયાવર સબંધે એકબીજાનુ એકબીજા પાસે કાંઈ લેણુ કે દેણું નથી.

૨.૧૦) અરજદારના લગ્ન ચોટીલા મુકામે થયેલા હોય અને હાલ અરજદાર ચોટીલા મુકામે રહેતા હોય અને છે નામ.કોર્ટની હકુમતમાં રહેતા હોય. તેથી અરજી ચલાવવા નામદાર કોર્ટને હકુમત છે. પક્ષકારોને અરજી ગેરવ્યાજબી વિલંબ વગર કરી છે. તેમજ અરજીની સંમતિ મુક્ત તથા કોઈ પણ જાતનાં દબાણ વિનાની છે તેમજ ગેરકાયદેસર મેળાપીપણાથી અરજી કરી નથી.

**૩.) કેસની કાર્યવાહી:**

અરજદારએ હાલનો દાવો દાખલ કરતાં સામાવાળાઓને સમન્સ કરેલ. જે સમન્સ સામાવાળાનાઓને બજેલ. તેમજ સદર કામે સામાવાળાના ઓને પોતાના રહેણાંક/ ઓફીસના સરનામે સમન્સ થી બેલીફ દ્વારા બજવણી કરાવેલ. તેમજ સામાવાળાનાઓ તર્ફે તેમના વિ.વ.શ્રીનાઓએ હાજર થી સદર દાવાનો લેખિતમાં જવાબ તથા આંક: ૫ થી રજુ કરેલ છે.

**૪.) સામાવાળાનાઓ તર્ફે લેખિત જવાબ/બચાવની હકિકતો:**

(૧) અમો પક્ષકારોના લગ્ન તા.૦૩/૦૯/૨૦૧૨ ના ચોટીલા મુકામે થયેલ અને તે લગ્ન અમોએ સંમતિથી તા.૨૭/૦૬/૨૦૨૪ ના ચોટીલા નોટરી સમક્ષ લગ્ન વિચ્છેદનું લખાણ કરી છુટાછેડા લીધેલ છે.અમારા ઘરમેળેના છુટાછેડા બાદ બન્ને પક્ષકાર અલગ જગ્યાએ અલગ – અલગ રહીએછીએ.અમો પક્ષકારો વચ્ચે ત્યારથી કોઇ સંબંધ નથી. સગીર પ્રેમનો કબજો તેની માતા અરજદાર પાસે છે અને ભવિષ્યમાં અમારે તેનો કબજો મેળવવાનો નથી.ઘરમેળે છુટાછેડા લેતી વખતે બન્ને પક્ષકારોને એકબીજાની તમામ ચીજવસ્તુ,ઘરેણા, કપડા લતા વિગેરે મળી ગયેલ છે. જેથી તે બાબતે પણ ભવિષ્યમાં એકબીજાએ કંઇ કરવાનું રહેતુ નથી.

અરજદારે પોતાનો તથા સગીર પુત્ર પ્રેમના ભરણ પોષણનો કાયમી રીતે હકક જતો કરેલ છે જેથી ભવિષ્યમાં તે બાબતે કંઇ કરવાનું રહેતુ નથી. આ કામમાં અરજદારે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા અમોને કબુલ મંજુર છે અને તેને આંકે પાડી પુરાવામાં વંચાણે લેવામાં આવે તેમાં અમોને કોઇ વાંધો કે તકરાર નથી.

(૨) આ અરજી અમારી મુકત સંમતિથી જ કરેલ હોય આ અરજી ને તે મુજબ મ્યુચઅલ ગણી હુકમ કરવા મહેરબાની કરશોજી.આ કામમાં નામદાર કોર્ટથી લગ્ન વિચ્છેદનું હુકમનામુ મેળવવુ જરૂરી હોય હાલની અરજી મુજબ લગ્ન વિચ્છેદનું હુકમનામુ કરી આપવા વિનંતી.આ કામમાં અમારે કોઈ સાક્ષી તપાસવાના નથી કે કોઇ પુરાવો આપવાનો નથી જે પણ અમો જાહેર કરીએ છીએ.

**૫.)**આ કામે અરજદારની દાવા અરજી તથા સામાવાળાનાઓનાં લેખિત જવાબ લગત તકરારી બાબતોનાં ન્યાયિક નિર્ણય માટે આંક: ૬ થી મુદ્ધા ઉપસ્થિત કરવામાં આવેલ છે.

1. Whether the applicant proves that he/she is the legal wife/husband of the opponent?
2. Whether the applicant proves that he/she is entitled to get the decree of divorce ?
3. What order and decree ?

**૬.)** ઉપરોકત મુદ્દાઓના તારણો નીચે જણાવ્યા છે તેના કારણો હવે પછી સવિસ્તાર વર્ણવેલ છે. ઉપરોકત મુદ્દાના જવાબો નીચે મુજબ છે.

૧.) હકારમાં

૨.) હકારમાં

૩.) આખરી હુકમ મુજબ

**– :: કા ર ણો :: –**

**૭.)** ઉપરોક્ત મુદ્દાઓની ચર્ચા કરતાં પહેલા આ કામે શું પુરાવો રજુ કરેલ છે. તે જોવાનુ આવશ્યક છે. અરજદારએ અને સામાવાળાનાઓએ નીચે મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

**અ) અરજદાર તર્ફે મૌખિક પુરાવો:**

| **અનુ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | અરજદાર શીતલબેન જયમીનભાઈ ઠાકર તે ડો.ઓ. પુરૂષોતમભાઈ રામકૃષ્ણભાઈ પંઘરેનું પુરાવાનું સોગંદનામું | ૮ |

**અ) અરજદાર તર્ફે દસ્તાવેજી પુરાવો:**

| **અનુ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | લગ્ન અંગેનો ફોટોગ્રાફ | ૦૯ |
| ૨ | પક્ષકારોનું છુટાછેડાનું નોટરી તા.૨૭/૦૬/૨૪ રૂબરું નું લખાણ | ૧૨ |
| ૩ | કલીજીંગ પુરસીસ | ૧૩ |

સામાવાળા તરફે આંક–૧૪ થી કલોજીંગ પુરસીસ રજે રાખેલ છે.

**૮.) મુદા નં.–૧ અને ૨ ની ચર્ચા**

૮.૧) આ કામના અરજદાર નં. ૧ શીતલબેન જયમીનભાઈ' ઠાકરની સોગંદ ઉપરની એફીડેવીટ આંક: ૮ જોતાં, જે નીચે મુજબ હકિકતો જણાવેલ છે. આ કામના અમો પક્ષકારોએ સુરેન્દ્ નગર જિલ્લાના ચોટીલા મુકામે તા.૩/૯/૨૦૧૨ના રોજ નારોજ હીન્દુ શાસ્ત્રોકત વિઘીથી લગ્ન કરેલા.પક્ષકારો લગ્ન જીવન નીભાવી શકીએ તેમ નથી. જેથી પરસ્પરની

રાજીખુશી, સમજુતી અને સંમતિથી લગ્નજીવનનો આ લખાણથી કાયમી અંત લાવીએ છીએ યાને કે ડાયવોર્સ લઈએ છીએ.ઉપરોકત લગ્ન થયા બાદ પક્ષકારોને શરૂઆતના સમયમાં સાથે રહેવાનું બનતા એકબીજાના સ્વભાવનો પરીચય થતા જાણવા મળેલ કે બન્ને પક્ષકારોના સ્વભાવ, સંસ્કાર, રહેણીકરણી તથા વિચારો એકબીજાથી સંપુર્ણપણે વિરોધાભાસી હતા અને તેમા કોઈ સમાધાન શક્ય ન હતુ આમ અરજદારો વચ્ચે મતભેદ ઉભા થતાં તેઓનો સહવાસ કલેષમય થઈ ગયેલ અને તેઓ સાથે રહી શકીએ તેવી કોઈ શકયતા નથી. પક્ષકારોને સાથે રહેવું અશક્ય થતાં તે કારણે છેલ્લા એકાદ દોઢ વર્ષ ઉપરાંતથી પક્ષકારો એકબીજાથી જુદા રહીએ છીએ અને પતિ–પત્નિ તરીકે સહજીવન ગુજારેલ નથી.બન્ને સુખેથી રહી શકીએ તેમ ન હતા અને નથી. સહજીવન કલેશ મય બનેલ હતું અને ભવિષયમાં બન્ને પતિ–પત્ની તરીકે સાથે રહી શકીએ તેમ નથી કે સાથે રહેવાની ઈચ્છા પણ નથી. એક તરફવાળાએ બીજી તરફવાળા સાથેના લગ્ન જીવન બાદના લગ્ન જીવનથી કાઈ સંતાનને જન્મ આપેલ નથી પરંતુ અરજદારના અગાઉના લગ્ન થી થયેલ સંતાન પુત્ર – પ્રેમ છે જેને સામાવાળાએ પુત્ર તરીકે સ્વીકારેલ છે જેનુ નામ પ્રેમ જયમીનભાઈ ઠાકર છે અને તે હાલ અરજદાર એટલે કે શીતલબેન પાસે છે. અને તેને રાખવાની જવાબદારી અરજદાર શીતલબેને સ્વીકારેલી છે. જેથી આજ પછી પ્રેમની ખોરાકી પોષાકી તથા લાલન પાલનની તમામ પ્રકારની કાયમી જવાબદારી અરજદારે સ્વીકારેલ છે અને સામાવાળાને તેની તમામ જવાબદારી માંથી મુકત કરેલ છે અને સામાવાળાએ તેમની પુત્ર તરફના તમામ હકક દાવા જતા કરેલ છે. તેમજ સામાવાળાએ ભવિષ્યમાં અરજદાર સામે પુત્ર પ્રેમ નો કબજો પરત મેળવવા માટેની માંગણી કરવાની રહેશે નહી અને તે અંગે કોઈ કાર્યવાહી કરશે નહી.

૮.૨) બન્નેએ ઉપરોકત કારણોસર પરસ્પરની સંમતિથી લગ્ન વિચ્છેદ લેવાનુ નકકી કરેલ છે. લગ્ન જીવન ટકી રહે તે માટે કુટુંબીજનો, સગાવહાલા વિગેરેના તમામ પ્રયત્નો નિષ્ફળ નિવડયા છે અને હવે એક–બીજાથી જુદા થઈએ તેમાં જ બન્નેનુ શ્રેય છે અને રાજીખુશીથી બન્ને એકબીજાથી મુકત થઈ અને ઠીક લાગે તેવો માર્ગ ભવિષ્યનો લઈ શકીએ તે માટે હિન્દુ મેરેજ એકટની કલમ–૧૩ મુજબની અરજી રજુ કરેલ છે.

૮.૩) અરજદારે ભરણ પોષણ હક, સ્વેચ્છાએ કાયમી જતો કરેલ છે. જેથી ભવિષ્યમાં અરજદારના સામાવાળા પાસેથી કોઈ ખાધા–ખોરાકીના કે તેને લગતા કોઈ કેસ કે અરજીઓ સામાવાળા સામે કરવાની નથી.

૮.૪) બન્ને અરજદારો છેલ્લા આશરે દોઢ વર્ષ ઉપરાંતથી એકબીજાથી અલગ રહીએ છીએ અને સાથે રહી શકીએ તેવી કોઈ શક્યતા નથી. તેથી અમો બન્ને એ એકબીજાની મુકત સંમતિથી લગ્ન વિચ્છેદ લેવાનુ નકકી કરીએ છીએ.

આ તબકકે In the case of Krishna Khetarpal v. Satish lal (AIR 1987 P & H 191) held that,

> ***"A decree of Divorce by mutual consent can be granted when and only when the court is stisfied about (i) marriage having been solemnised between the parties; (ii) the parties have been living separately for more than a year before presenting the petition; (iii) they were not able to live together at the time of presenting the petition and continu to live apart; (iv) they had mutually agreed to disolve the marriage before or at the time the petition was presented; and (v) the averments made in the petition are true and conditions under S.23 are fulfulled. Thus, the Court amongst other factors has to exclude the possibility of the consent of other party being obtained by force, fraud or undue influence, and also see through if there is any collusion."***

૮.૫) સદર કામે હાલના અરજદારોએ હાલની સંમતિથી છુટાછેડા લેવા માટેની અરજી કર્યો અગાઉથી છેલ્લા એક વર્ષ ઉપરાંતથી અલગ રહે છે. તેમજ અરજદારોએ રજુ કરેલ પુરાવા તથા રેકર્ડ ઉપરની હકિકતો અને પુરાવો જોતાં, અરજદારો ફરીથી પોતાનુ લગનજીવન શરૂ કરી શકે તેવા કોઈ સંજોગો જણાઈ આવતાં નથી. અરજદારોએ કરેલ હાલની

અરજીમાં જણાવેલ હકિકતો સાચી ન માનવાને કોઈ કારણ નથી. તેમજ હીન્દુ મેરેજ એકટની કલમ: ૨૩ ના આવશ્યક તત્વો સાબિત કરેલ છે. વધુમાં કોઈ એક પક્ષકારે અન્ય પક્ષકાર સાથે છેતરપીડીં, દગો, ગેર રજુઆત, દબાણ જેવા કોઈ તત્વો આ તબકકે જણાઈ આવતાં નથી.

આમ, ઉપરોકત કેસની હકિકત સંજોગોને ધ્યાને લેતાં, મુદ્દા નં ૧ અને ૨ નો જવાબ હકારમાં આપી, ન્યાયના હીતમાં મુદ્દા નં ૩ નો જવાબ દાદ મેળવવા હકકદાર હોવાનુ ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: : હુકમ : : –**

૧.) અરજદારોની હાલની અરજી નીચેની શરતે મંજુર કરવામાં આવે છે.

૨.) આથી અરજદારોના તા. ૦૩/૦૯/૨૦૧૨ નારોજ થયેલ લગન હીન્દુ મેરેજ એકટની કલમ: ૧૩(બી) અન્વયે હુકમ તારીખથી પરસ્પર સંમતિથી છુટાછેડા એટલે કે, લગન વિચ્છેદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩.) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૪.) હુકમ મુજબનુ હુકમનામુ દોરવુ.

આજરોજ તા. ૨૯ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી સમજાવી જાહેર કર્યો.

તારીખ : ૨૯/૦૪/૨૦૨૬
સ્થળ: સુરેન્દ્રનગર.

**(તૃપ્તિબેન અમૃતલાલ ભાડજા)**
ત્રીજા એડીશનલ સીનીયર સીવીલ જજ તથા
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર.
**UIC No.GJ01399**